### મહીસાગરના બીજા નંબરના સૌથી મોટા તળાવમાં ગંદકી અને ઝાડી-ઝાંખરાનું સામ્રાજ્ય

# ખાનપુરના ઐતિહાસિક બાકોર તળાવની દુર્દશાથી રોષ : બ્યુટીફિકેશનની ઉગ્ર માંગ

**ચારેય તરફ** ગંદકી છતાં વહીવટી તંત્રની ઉદાસીનતાથી જનઆક્રોશ



(પ્રતિનિધિ) ખાનપુર તા.૨

મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકા મથકે આવેલું અને વિસ્તારની દ્રષ્ટિએ જિલ્લામાં બીજા ક્રમનું સ્થાન ધરાવતું ભવ્ય 'બાકોર તળાવ' આજે સરકારી તંત્રની ઘોર ઉપેક્ષાનો ભોગ બન્યું છે. તાલુકાનું સૌથી મોટું સિંચાઈ ક્ષેત્ર ધરાવતું આ ઐતિહાસિક તળાવ હાલમાં ગંદકી અને જંગલી ઝાડી-ઝાંખરામાં ગરકાવ થઈ ગયું છે, જેને પગલે સ્થાનિક રહીશોમાં વહીવટી તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

બાકોર તળાવ એક સમયે પંથકની શાન ગણતું હતું. આ વિશાળ તળાવમાં આજે ચારેય તરફ ગંદકી અને અશુદ્ધિઓનું સામ્રાજ્ય પથરાયેલું છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, તળાવની આ બદહાલ સ્થિતિ વહીવટી તંત્રની સંપૂર્ણ ઉદાસીનતાની ચાડી ખાય છે. વાસ્તુશાસ્ત્ર મુજબ જે જલાશય ગામની સુખ-સમૃદ્ધિનું પ્રતીક હોવું જોઈએ, તે આજે તંત્રની નજરઅંદાજીને કારણે પંથકના વિકાસ સામે પ્રશ્નાર્થ ચિહ્ન ઊભું કરી રહ્યું છે.

આ અંગે સ્થાનિક નાગરિકો અને સામાજિક કાર્યકરોએ તંત્ર સમક્ષ બુલંદ માંગ કરી છે કે તળાવમાંથી તાત્કાલિક ગંદકી અને જંગલી વનસ્પતિનો નિકાલ કરવામાં આવે. આ ઉપરાંત, તળાવની સુંદરતા વધારવા માટે ત્યાં આધુનિક રોશની (લાઈટિંગ), આકર્ષક ફુવારા અને વડીલો તેમજ રાહદારીઓ માટે વૉકિંગ ટ્રેકની સુવિધા ઊભી કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે. જો તંત્ર દ્વારા વહેલી તકે યોગ્ય પગલાં ભરીને બાકોર તળાવને પ્રવાસન કેન્દ્ર તરીકે વિકસાવવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

# વીરપુર પંથકમાં કારના બોનેટ પર સ્ટંટ કરતાં સાત સામે કાર્યવાહી

**સોશિયલ** મીડિયામાં વાયરલ થયેલા જોખમી વીડિયો બાદ વિરપુર પોલીસની લાલ આંખ

(પ્રતિનિધિ) વીરપુર તા.૨

સોશિયલ મીડિયા પર સસ્તી લોકપ્રિયતા મેળવવા માટે જાહેર માર્ગો પર અન્ય લોકોના જીવ જોખમમાં મૂકતા તત્વોને મહીસાગર પોલીસે પાઠ ભણાવ્યો છે. ગત ૩૧મી મે, ૨૦૨૬ ના રોજ સોશિયલ મીડિયામાં એક વીડિયો વાયરલ થયો હતો, જેમાં કેટલાક યુવકો ચાલુ ગાડીના બોનેટ પર ચઢીને જોખમી સ્ટંટ અને ડાન્સ કરી રહ્યા હતા. આ મામલે પોલીસે ત્વરિત પગલાં ભરી



જવાબદારોને કાયદાનું ભાન કરાવ્યું છે.

પંચમહાલ ગોધરા રેન્જ નાયબ પોલીસ મહાનિરીક્ષક વિધી ચૌધરી તથા મહીસાગર જિલ્લા પોલીસ અધિક્ષક સફીન હસન દ્વારા અસામાજિક તત્વો સામે કડક કાર્યવાહી કરવાની સૂચના આપવામાં આવી હતી. આ માર્ગદર્શન હેઠળ વિરપુર પોલીસે વાયરલ વીડિયોના આધારે તપાસ હાથ ધરી હતી. વીડિયોમાં સ્પષ્ટ દેખાતા બંને વાહનોના ચાલકો તેમજ ગાડી પર જોખમી ડાન્સ કરી સ્ટંટ કરનારા ઈસમોની ઓળખ કરી તેમની વિરુદ્ધ કાયદેસરનો ગુનો નોંધી જેલના સળિયા પાછળ ધકેલી દેવાની પ્રક્રિયા હાથ ધરી છે. વિરપુર પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર એ.એમ. બારીઆ અને તેમની ટીમે આ સફળ કામગીરી પાર પાડી છે. પોલીસની આ આકરી કાર્યવાહીએ સ્ટંટના નામે અરાજકતા ફેલાવનારા તત્વોમાં ફફડાટ ફેલાવી દીધો છે. પોલીસે સ્પષ્ટ ચેતવણી આપી છે કે જાહેર જનતાની સુરક્ષા સાથે ચેડાં કરનારા કોઈપણ શખ્સને છોડવામાં આવશે નહીં.

# કપડવંજ વીજ કંપનીની નબળી કામગીરી સામે પ્રજામાં રોષ

**સામાન્ય** પવનમાં વીજળી ગુલ થતા ગ્રાહકો પરેશાન

(પ્રતિનિધિ) કપડવંજ તા.૨

કપડવંજ શહેરમાં એમજીવીસીએલ તંત્રની પ્રિ-મોન્સૂન કામગીરીના ધજાગરા ઉડતા જોવા મળી રહ્યા છે. તંત્ર દ્વારા અવારનવાર મેન્ટેનન્સના નામે વીજ પુરવઠો બંધ રાખવામાં આવતો હોવા છતાં, માત્ર સામાન્ય વરસાદી ઝાપટા કે વાવાઝોડામાં પણ વીજળી ગુલ થઈ જવાની સમસ્યા વકરી છે.

કપડવંજમાં વીજ પુરવઠો ખોરવાય ત્યારે ફરિયાદ નોંધાવવા માટે ગ્રાહકો જ્યારે ફરિયાદ કેન્દ્ર પર સંપર્ક કરવાનો પ્રયાસ કરે છે, ત્યારે ફોન કાં તો બંધ હોય છે અથવા તેને એન્ગેજ ટોન પર મૂકી દેવામાં આવતો હોવાની વ્યાપક ફરિયાદ ઉઠી છે. તંત્ર અને જનતા વચ્ચે સર્જાતા આ 'કોમ્યુનિકેશન ગેપ'ને કારણે લોકોમાં ઉગ્ર અસંતોષ જોવા મળી રહ્યો છે.

આ અંગે સ્થાનિકોની માંગ છે કે આકસ્મિક સંજોગોમાં વીજ કંપનીના સત્તાવાળાઓનો સંપર્ક થઈ શકે તે માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવે. અગાઉની માફક શહેરની મધ્યમાં જ એક ફરિયાદ કેન્દ્ર હોવું અનિવાર્ય છે જેથી ગ્રાહકો સરળતાથી પોતાની રજૂઆત કરી શકે. ગઈકાલે માત્ર સામાન્ય પવનમાં લાઈટો જતી રહેતા લોકો મૂંઝવણમાં મુકાયા હતા. જો તંત્ર દ્વારા આગોતરું આયોજન અને વ્યવસ્થામાં સુધારો કરવામાં નહીં આવે, તો આગામી સમયમાં લોકો આંદોલનનો માર્ગ અપનાવશે તેવી ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

### મહુધાના રસ્તા પ્રશ્ને તંત્ર ૯ વર્ષથી ઘોર નિદ્રામાં : પૂર્વ ધારાસભ્યનો તંત્ર સામે આક્રોશ

# મહુધા-નંદગામ માર્ગની દયનીય હાલત ખાડાઓના સામ્રાજ્યથી પ્રજા ત્રાહિમામ

**ગર્ભવતી મહિલાઓ** અને વાહનચાલકો માટે જોખમી બન્યો 3 કિમીનો રસ્તો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨

ખેડા જિલ્લાના મહુધા તાલુકાના નંદગામને જોડતો 3 કિલોમીટરનો મુખ્ય માર્ગ છેલ્લા નવ વર્ષથી અત્યંત બિસ્માર હાલતમાં છે. વહીવટી તંત્રની નિષ્ક્રિયતાને કારણે સ્થાનિકો અને વાહનચાલકોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. આ માર્ગ માત્ર નંદગામ જ નહીં, પરંતુ ઉંદરા, તોરણીયા, સલાની કડી, વીણા અને મંગલપુર જેવા અનેક ગ્રામ્ય વિસ્તારોને તાલુકા



મથક સાથે જોડે છે. દરરોજ હજારો લોકો આ જોખમી માર્ગ પરથી પસાર થવા મજબૂર છે, જ્યાં અકસ્માતનો ભય સતત મંડરાતો રહે છે.

મહુધાના પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રજીતસિંહ પરમારે આક્ષેપ કર્યો છે કે વર્ષ 2017માં તેમના કાર્યકાળ દરમિયાન આ રસ્તાનું રીસરફેસિંગ થયું હતું, ત્યારબાદ કોઈ મરામત કરવામાં આવી નથી. રસ્તાની સ્થિતિ એટલી ખરાબ છે કે ગર્ભવતી મહિલાઓની ડિલિવરી રસ્તામાં જ થઈ જાય તેવા મસમોટા ખાડા પડી ગયા છે. ચોમાસામાં પાણી ભરાવાને કારણે વાહનો સ્લિપ થવાના બનાવો પણ રોજિંદા બન્યા છે.

#### રિક્ષાચાલકોને વધારાનો મેઇન્ટેનન્સ ખર્ચ

મહુધા-નંદગામના બિસ્માર રસ્તાને કારણે નાના વાહનચાલકો આર્થિક પાયમાલ થઈ રહ્યા છે. સ્થાનિક રિક્ષાચાલક રમેશભાઈના જણાવ્યા અનુસાર, ભંગાર રસ્તાને લીધે તેમની રિક્ષામાં વારંવાર નુકસાન થાય છે, જેના કારણે દર મહિને 3 થી 4 હજાર રૂપિયાનો વધારાનો મેઇન્ટેનન્સ ખર્ચ વેઠવો પડે છે. આ ઉપરાંત, ખરાબ રસ્તાને કારણે સમય અને ઈંધણનો પણ મોટો બગાડ થાય છે.

#### તંત્રનો બચાવ - તપાસની ખાતરી

આ મામલે માર્ગ અને મકાન વિભાગના અધિકારી ડી. બી. હળપતિએ બચાવ કરતા જણાવ્યું હતું કે, આ સમસ્યા તેમના ધ્યાને આવી છે. તેમણે ખાતરી આપી છે કે માર્ગની વર્તમાન સ્થિતિ અંગે ત્વરિત તપાસ કરવામાં આવશે અને લોકોની મુશ્કેલીઓનો વહેલી તકે અંત લાવવા યોગ્ય કામગીરી હાથ ધરાશે.

# મેઘવા ગામની નહેરમાં નાહવા પડેલા યુવાનનું ડૂબી જતાં મોત

**ફાયર બ્રિગેડના** ૧૨ તરવૈયાની ટીમે ભારે જહેમત બાદ મૃતદેહને બહાર કાઢ્યો

(પ્રતિનિધિ) આણંદ તા.૨

આણંદના ભાલેજ પાસે આવેલા મેઘવા ગામની મોટી નહેરમાં નાહવા ઉતરેલા એક ૨૫ વર્ષીય પરપ્રાંતીય યુવાનનું પાણીના પ્રવાહમાં ડૂબી જવાથી મોત નીપજ્યું છે. આ બનાવની જાણ થતા જ કરમસદ આણંદ ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર, ભાલેજ પોલીસ સ્ટેશન તરફથી ૦૧લી જૂનના રોજ બપોરે ૦૪:૧૦ કલાકે કરમસદ આણંદ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસને મેઘવા ગામની મોટી નહેરમાં એક વ્યક્તિ ડૂબી હોવાની જાણ કરવામાં આવી હતી. ફાયર ઓફિસર ધર્મેશ ગોરની સૂચના મુજબ, લીડિંગ ફાયરમેન મહેન્દ્રસિંહ રાઠોડ અને હિતેશ વસાવા સહિત ૧૨ તરવૈયાઓની ટીમ યોદ્ધા ગાડી સાથે તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી.

ફાયર બ્રિગેડની ટીમે ભારે જહેમત બાદ નહેરમાંથી વ્યક્તિને શોધી કાઢી બહાર કાઢ્યો હતો. ડૂબી ગયેલા યુવાનની ઓળખ ૨૫ વર્ષીય રાધા ક્રિષ્ના તરીકે થઈ છે, જે મૂળ ઉત્તરપ્રદેશના મેનપુરીનો રહેવાસી હતો. દુર્ભાગ્યવશ પાણીમાં ડૂબી જવાથી યુવાનનું મોત નીપજ્યું છે. આ રેસ્ક્યુ ઓપરેશનમાં ફાયરમેન પરિમલ મંડોડ, અજય ડામોર, માનસિંગ ડામોર, અજીત બારીયા, કૌશિક દેવધા અને ૫ ટ્રેની ફાયરમેન જોડાયા હતાં.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### આણંદની પીએમ પટેલ ઈન્સ્ટિટ્યૂટનો વિદ્યાર્થી એમ.એસસી. (આઈટી)માં યુનિ.માં પ્રથમ આવ્યો



**આણંદ |** આણંદ શહેરની પી. એમ. પટેલ ઈન્સ્ટિટ્યૂટના વિદ્યાર્થી જયદિપ સોલંકીએ સરદાર પટેલ યુનિવર્સિટીમાં ઝળહળતી સફળતા મેળવી છે. તેઓ એમ.એસસી. (આઈટી) વિભાગમાં સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થયાં છે. આ ઉપરાંત રોહન કે. મોગા યુનિ.માં 4થો ક્રમ, માનસી એ. ગજ્જર કોલેજમાં ત્રીજા ક્રમે રહ્યા છે. આ શૈક્ષણિક સફળતા માટે સંસ્થાના પ્રમુખ બિપીનચંદ્ર પી. પટેલ (વકીલ), વાઈસ પ્રેસિડેન્ટ અને સીઇઓ ડો. પાર્થ બી. પટેલ, સેક્રેટરી અને રજિસ્ટ્રાર ડો. ઈશિતાબેન પી. પટેલ, એડમીન વિભાગના ડો. યુગ્માબેન પટેલ, એચઓડી (પ્રા.) અમીષાબેન દેસાઇ અને પ્રિ. (ડો.) રવિ બી. પટેલએ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી.

### આણંદમાં રક્તની અછત નિવારવા હોસ્પિટલના તબીબો અને સ્ટાફે રક્તદાન કર્યું



**આણંદ |** ઉનાળાના વેકેશન અને ગરમીના કારણે રક્તની સર્જાયેલી ભારે અછત વચ્ચે કરમસદની શ્રી કૃષ્ણ હોસ્પિટલના તબીબો, ફેકલ્ટી અને સ્ટાફે સ્વૈચ્છિક રક્તદાન કરી દર્દીઓ માટે સંજીવની પૂરી પાડી છે. હોસ્પિટલના એ. ડી. ગોરવાલા બ્લડ સેન્ટર ખાતે ડોક્ટરો અને નર્સિંગ સ્ટાફે પોતાની વ્યસ્ત ફરજ વચ્ચે સમય ફાળવી રક્તદાન કરી ગંભીર બીમારીઓ અને સર્જરીના દર્દીઓની વ્હારે આવ્યા છે. આ કટોકટીના સમયે હોસ્પિટલના કર્મચારીઓએ એકજૂથ થઈને નૈતિક પ્રતિબદ્ધતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે, જેનાથી અનેક જરૂરિયાતમંદ દર્દીઓને નવું જીવન મળશે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### આણંદની સ્પેક બીબીએના 3 વિદ્યાર્થીએ યુનિવર્સિટીના ટોપ-૧૦માં સ્થાન મેળવ્યું



**આણંદ |** સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ સંચાલિત બીબીએ સેમ-6માં રીઝવાનખાન પઠાણે યુનિ.માં 3જો, રુચિત શાહે 4થો અને જોય રાણાએ 8મો ક્રમ મેળવી સંસ્થાનું નામ રોશન કર્યું છે. સરદાર પટેલ યુનિવર્સીટીમાં આ સફળતા પ્રાપ્ત કરવા બદલ કોલેજના આચાર્ય ડો. સુયોગ ઉપાસની, આઇક્યુએસી કો ઓર્ડીનેટર ડો. કલ્પેશ ગોહિલ, બીબીએનાં હેડ ડો.જુલી પટેલ અને સમગ્ર સ્ટાફે વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

### આણંદ કૃષિ યુનિ.ના તેજસ્વી છાત્રોને 'બેંક ઓફ બરોડા અચીવર્સ એવોર્ડ' એનાયત




**આણંદ |** આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે કુલપતિ ડો. એન. આઇ. શાહના અધ્યક્ષસ્થાને બેંક ઓફ બરોડાના સંયુક્ત ઉપક્રમે તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે સ્નાતક કક્ષાના ત્રણ વિદ્યાર્થીઓને એકેડેમિક, સ્પોર્ટ્સ અને ઓલ રાઉન્ડર શ્રેણીમાં પ્રત્યેકને રૂ. ૩૧ હજારની પુરસ્કાર રાશિ અને એવોર્ડ આપી સન્માનિત કરાયા હતા. એવોર્ડ મેળવનારાઓમાં સ્વપનારાની પ્રધાન, ધ્રુવકુમાર પટેલ અને એમી બ્લેસીનો સમાવેશ થાય છે, જેમને યુનિવર્સિટી અને બેંકના ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં સન્માનિત કરાયા હતા.

### પૂર્વ સૈનિકોના સંતાનો માટે સૈનિક કુમાર છાત્રાલયમાં પ્રવેશ મેળવવાની સુવર્ણ તક

**સંતરામપુર |** મહીસાગર જિલ્લામાં વસવાટ કરતા પૂર્વ સૈનિકો અને સ્વર્ગસ્થ પૂર્વ સૈનિકોના પત્નીઓના સંતાનો માટે સુરત સ્થિત સૈનિક કુમાર છાત્રાલયમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. આ સુવિધા ખાસ કરીને તે વિદ્યાર્થીઓ માટે છે જેઓ સુરતની શૈક્ષણિક સંસ્થાઓમાં ધોરણ ૮ કે તેથી ઉપરના ધોરણમાં નિયમિત વિદ્યાર્થી તરીકે અભ્યાસ કરી રહ્યા હોય. સુરતના સરથાણા વિસ્તારમાં આવેલ 'ગૌરવ સેનાની ભવન' ખાતે કાર્યરત આ છાત્રાલયમાં વિદ્યાર્થીઓને રહેવા તેમજ જમવાની સગવડ પૂરી પાડવામાં આવશે. પ્રવેશ મેળવવા ઈચ્છુક વાલીઓ અને વિદ્યાર્થીઓએ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનઃવસવાટ કચેરી, ગૌરવ સેનાની ભવન, અભિનંદન રેસિડેન્સી પાસે, સરથાણા, સુરતનો રૂબરૂ સંપર્ક કરી ફોર્મ મેળવી લેવા અને સત્વરે જમા કરાવવા જણાવવામાં આવ્યું છે. વધુ વિગતો માટે મદદનીશ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારી દ્વારા ટેલિફોન નંબર ૦૨૬૧-૨૯૧૩૮૨૦ પર કરવા જણાવ્યુ છે.

### અલ્પેશ એન. પટેલ ઇન્સ્ટિટ્યૂટના ત્રણ વિદ્યાર્થી બાયોકેમિસ્ટ્રીમાં યુનિવર્સિટીમાં અવ્વલ રહ્યા



**આણંદ |** અલ્પેશ એન. પટેલ ઇન્સ્ટિટ્યૂટના એમ.એસસી.ની પિનલ ભોઇએ યુનિ.માં ૩જો, અંજુમ જાતવે ૫મો અને સાર્થક રેવતિયાએ ૭મો ક્રમ મેળવી સંસ્થાનું નામ રોશન કર્યું છે. એપ્રિલ ૨૦૨૬ની પરીક્ષામાં ઝળકેલા આ તેજસ્વી તારલાઓએ કોલેજમાં પણ અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે. સંસ્થાના મંત્રી કેતનભાઈ પટેલ અને કેમ્પસ ડાયરેક્ટર મહેશભાઈ પટેલે સફળ વિદ્યાર્થીઓને આ જ્વલંત સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા છે.

### વલ્લભવિદ્યાનગરમાં પ્રજ્ઞાચક્ષુ ખેલાડીઓ માટે રાજ્ય સ્તરીય ગોલબોલ ટ્રેનિંગ કેમ્પ યોજાયો




**આણંદ |** સેતુ ટ્રસ્ટ અને બ્લાઇન્ડ સ્પોર્ટ્સ એસોસિએશન દ્વારા બાકરોલ ખાતે ૧૫ થી ૨૭ મે દરમિયાન રાજ્ય સ્તરીય ગોલબોલ કેમ્પનું આયોજન કરાયું છે. સરદાર પટેલ યુનિવર્સિટીના સહયોગથી યોજાયેલા આ કેમ્પમાં રાજ્યભરમાંથી ૬૦થી વધુ પ્રજ્ઞાચક્ષુ ખેલાડીઓ નિ:શુલ્ક તાલીમ મેળવી રહ્યા છે. આ કેમ્પના ઉદ્ઘાટનમાં ડાયરેક્ટર ગુરુસેવકસિંગ અને આંતરરાષ્ટ્રીય કોચ રિશીકાંત શર્મા સહિતના મહાનુભાવોએ ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા. જીવન ફાઉન્ડેશન અને બી.એન. પટેલ ઇન્સ્ટિટ્યૂટના ફિઝિયોથેરાપી વિદ્યાર્થીઓના સહયોગથી આ તાલીમ કેમ્પનું સફળ સંચાલન થઈ રહ્યું છે.

### ચરોતર એજ્યુકેશન સોસાયટીમાં 'સી. એલિગન્સ' પર રાષ્ટ્રીય કક્ષાની વર્કશોપ સંપન્ન



**આણંદ |** ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત SANPPGIS&R ના બાયોટેકનોલોજી વિભાગ દ્વારા GUJCOST પ્રાયોજિત 'સી. એલિગન્સ' વિષય પર ૭-દિવસીય રાષ્ટ્રીય હેન્ડ્સ-ઓન વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં દેશભરમાંથી આવેલા તાલીમાર્થીઓએ સિંક્રોનાઇઝેશન અને ઓક્સિડેટીવ સ્ટ્રેસ જેવી અત્યાધુનિક વૈજ્ઞાનિક પદ્ધતિઓનું પ્રાયોગિક જ્ઞાન મેળવ્યું હતું. સંસ્થાના મંત્રી કેતન પી. પટેલ અને પ્રિન્સિપાલ ડો. ચિરાગ વ્યાસના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક તાલીમ પૂર્ણ કરનાર સહભાગીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. આ વર્કશોપના કો-ઓર્ડિનેટર ડો. જિતેન્દ્રિય પાણિગ્રાહીએ તાલીમાર્થીઓના સંશોધન કાર્યને બિરદાવી હતી.

### સ્પેક સંચાલિત સરદાર પટેલ કૉલેજના ૭ વિદ્યાર્થીઓ યુનિવર્સિટીના ટોપ-૧૦ માં ઝળક્યા



**આણંદ |** તિરૂપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ (સ્પેક) ની બીસીએ કોલેજના વિદ્યાર્થીઓએ સેમેસ્ટર 4 માં ઝળહળતું પરિણામ પ્રાપ્ત કર્યું છે. જેમાં બિપીનભાઈ હરિજન 9.64 GPA સાથે સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમે આવી સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. આ યુનિવર્સિટીના ટોપ-10માં કોલેજના કુલ 7 વિદ્યાર્થીઓએ સ્થાન મેળવી શૈક્ષણિક ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરી છે. આ ભવ્ય સફળતા બદલ પ્રિન્સિપાલ ડો. સુયોગ ઉપાસની અને સમગ્ર સ્ટાફ પરિવારે વિદ્યાર્થીઓને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી છે.

### મહેમદાવાદના સોજાલી ગામે 'પ્રાકૃતિક ખેતી કરો ખેતર બચાવો' જાગૃતિ કાર્યક્રમ યોજાયો



**મહેમદાવાદ |** ખેડા જિલ્લા આત્મા યોજનાના અધિકારીઓએ 51 ખેડૂતોને રાસાયણિક ખાતરના સંતુલિત ઉપયોગ અને જમીન પરીક્ષણ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. ખેડૂતોએ ખેતી ખર્ચ ઘટાડવા અને જમીનની ફળદ્રુપતા જાળવવા માટેની વૈજ્ઞાનિક તથા પર્યાવરણને અનુકૂળ પદ્ધતિઓની માહિતી મેળવી હતી. આ ઉપસ્થિત નિષ્ણાતોએ ખેડૂતોને ટકાઉ ખેતી અપનાવી જમીનની તંદુરસ્તી જાળવવા અને રાસાયણિક ખાતરોનો સમતોલ ઉપયોગ કરવા અપીલ કરી હતી.

### નડિયાદ જિલ્લા જેલ ખાતે નવિન કાનૂની સહાય કેન્દ્રનો પ્રારંભ કરવામાં આવ્યો




**નડિયાદ |** જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ નડિયાદ દ્વારા બિલોદરા જિલ્લા જેલ ખાતે નવા 'કાનૂની સહાય કેન્દ્ર'ની શરૂઆત કરવામાં આવી છે. મુખ્ય જિલ્લા ન્યાયાધીશ પરવીન કુમારના માર્ગદર્શન હેઠળ સેક્રેટરી જે. જે. જાદવના હસ્તે નાગરિક સુવિધા કેન્દ્ર અને વકીલ રૂમ ખાતે આ કેન્દ્ર ખુલ્લું મુકાયું હતું. આ સુવિધા દ્વારા હવે કેદીઓ ઉપરાંત તેમના પરિવારજનો, સગા-વ્હાલા અને મુલાકાતીઓને પણ જરૂરી કાનૂની સહાય પૂરી પાડવામાં આવશે. અઠવાડિયાના કામકાજના દિવસો દરમિયાન પેનલ એડવોકેટ અથવા પેરા લિગલ વોલન્ટીયર હાજર રહીને અહીં કાનૂની સેવાઓ આપશે.